### રાજ્ય સરકાર દ્વારા આરટીઈ રૂલ્સમાં સુધારો : પ્રાથમિક શિક્ષણને વધુ ગુણવત્તાયુકત બનાવવા

# ધોરણ- ૫ અને ધોરણ-૮ના વિદ્યાર્થીઓની વાર્ષિક પરીક્ષા લેવાશે

## પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીને નાપાસ કરાશે : શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી જોગવાઈનો રાજયની તમામ પ્રાથમિક શાળાઓમાં અમલ

ગાંધીનગર, તા. ૨૫
આર.ટી.ઈ. એકટ અંતર્ગત બાળકોના મફત અને ફરજીયાત શિક્ષણના અધિનિયમ-૨૦૦૯ની કલમ-૧૬માં ભારત સરકારે ૧૦મી જાન્યુઆરી, ૨૦૧૯ના રોજ મહત્વનો સુધારો કરતાં રાજય સરકારે પણ તા.૨૧/૦૯/૨૦૧૯ના રોજ જાહેરનામુ બહાર પાડીને બાળકોને મફત શિક્ષણનો અધિકાર નિયમો-૨૦૧૨ના નિયમ-૨૪માં મહત્વનો સુધારો કર્યો છે. પ્રાથમિક શિક્ષણમાં પરિણામલક્ષી અને ગુણવત્તાલક્ષી પરિવર્તન લાવવાના ઉમદા હેતુથી આ મહત્વનો સુધારો કરવામાં આવ્યો છે. આર.ટી.ઈ.એકટ ૨૦૦૯ની કલમ-૧૬ મુજબ કોઈપણ બાળકને ધોરણ-૧થી ૮ સુધીના ધોરણમાં રોકી શકાય નહિં એટલે કે, ધોરણ-૧ થી ૮ના કોઈપણ ધોરણમાં નાપાસ કરી શકાય નહિં, તેવી જોગવાઈ હતી, તેમાં કેન્દ્ર સરકાર દ્વારા આર.ટી.ઈ. એકટની કલમ-૧૬માં સુધારો કરતા રાજય સરકાર દ્વારા પણ આર.ટી.ઈ. રૂલ્સમાં સુધારો કરવામાં આવેલ છે.

આ સુધારાના પરિણામે મહત્વનો ફેરફાર થશે. આ ફેરફાર અંતર્ગત દરેક શૈક્ષણિક વર્ષને અંતે ધોરણ-૫ અને ધોરણ-૮માં વર્ષાંત(વાર્ષિક) પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષામાં વિદ્યાર્થી જો નાપાસ થાય તો વાર્ષિક પરીક્ષા પછીના બે માસના સમયગાળા દરમિયાન વધારાનું શિક્ષણ પુરૂ પાડી પરીક્ષાની વધુ એક તક આપવામાં આવશે. તેમાં પણ જો નાપાસ થાય તો તેને નાપાસ કરવામાં આવશે. આ પરીક્ષાઓ જી.સી.ઈ.આર.ટી. દ્વારા લેવામાં આવશે. આ જોગવાઈનો અમલ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી કરાશે.

આ પરીક્ષાઓમાં નાપાસ થયેલ બાળક અન્ય શાળામાં પ્રવેશ મેળવે તેવા સંજોગોમાં ઉંમર આધારિત પ્રવેશને બદલે તે બાળક જે ધોરણમાં નાપાસ થયેલ હોય તે જ ધોરણમાં પુનઃપ્રવેશ આપવાનો રહેશે. પ્રાથમિક શાળામાં દાખલ કરેલ કોઈપણ બાળકને પ્રાથમિક શિક્ષણ પુરૂ થતાં સુધીમાં આ સિવાયના કોઈપણ કારણોસર કોઈ ધોરણમાં રોકી શકાશે નહિં. ઉપરાંત કોઈ બાળકને પ્રાથમિક શિક્ષણ પુર્ણ ન થાય ત્યાં સુધી શાળામાં કાઢી શકાશે નહિં. આ મહત્વના સુધારાને પરિણામે રાજયની પ્રાથમિક શાળાઓની ગુણવત્તામાં મહત્વનો સુધારો જણાશે. આ સુધારાનો અમલ રાજયની તમામ સરકારી તથા ગ્રાન્ટેડ અને ખાનગી પ્રાથમિક શાળાઓએ કરવાનો રહેશે.

### ડાયરેક્ટ ❤ સે


જિંદગી શીખવે
તે શીખી લેવાય
કયો પાઠ ક્યારે કામ લાગશે
કોને ખબર ?

## શહેર-તાલુકા ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં શ્રી જે બી પ્રાથમિક સ્કૂલ સાજેદાર બની

ગાંધીનગર, તા. ૨૪
તાજેતરમાં ગાંધીનગર શહેર અને તાલુકા કક્ષાનું ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળઆના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ટકાઉ કૃષિ પદ્ધતિ વિભાગમાં વરસાદી પાણીનો સંગ્રહ કરી ટપક સિંચાઈ પદ્ધતિ, સંસાધન અને વ્યવસ્થાપન વિભાગમાં સોલાર પ્લેટની મદદથી પાણીનું બાષ્પીભવન થતું અટકાવવું, ઔદ્યોગિક વિકાસ વિભાગમાં સૂર્ય પ્રકાશની મદદથી સમુદ્રના પાણીમાંથી વીજળી ઉત્પન્ન કરવી તથા શુદ્ધ પાણી અને મીઠું મેળવવું તથા પરિવહન અને પ્રત્યાયન વિભાગમાં સોલાર વોટર બલ્બનું મોડલ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષકોના માર્ગદર્શન હેઠળ પ્રસ્તુત કરવામાં આવ્યું હતું. શાળાનાં આચાર્ય નીવાબેન પટેલે સમગ્ર શાળા પરિવાર વતી આ પ્રદર્શનમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ અને શિક્ષકોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## આર સી પટેલ સ્કૂલમાં ઈતર પરીક્ષાઓ યોજાઈ



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલના ધોરણ-૯ના વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે અન્ય ભાષાઓ અને સંસ્કૃતિઓનો પરિચય મેળવે તે હેતુથી શાળાના સૅમિનાર હૉલ ખાતે સંસ્કૃત વિષયની મધ્યમા પરીક્ષા, હિન્દી વિષયની રાષ્ટ્રભાષા પ્રવેશ અને ગાયત્રી પરિવારની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સમગ્ર ઉપક્રમનું આયોજન દેવયાનીબેન શુક્લ, મુકેશભાઈ પટેલે કર્યું હતું. આચાર્ય વિનોદભાઈ પટેલે આ ઉપયોગી ઉપક્રમના આયોજન અને તેમાં સહભાગી થવા બદલ આયોજક શિક્ષકો, વિદ્યાર્થીઓને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## કેપીટીએૅલમાં વેલ્યુબેઝ્ડ વક્તવ્ય યોજાયું

ગાંધીનગર, તા. ૨૪
ગાંધીનગર સ્થિત ટ્રાન્સમિશન ટાવરની આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત કંપની ખાતે એક વેલ્યુ બેઝ્ડ વકતવ્ય યોજાયું હતું. કર્મચારીઓને વૈવિધ્યસભર જ્ઞાન પ્રાપ્ત થાય એના ઉમદા હેતુથી કલ્પતરૂ લર્નિંગ સેન્ટર ખાતે અવારનવાર જાણીતા વક્તાઓને બોલાવી વક્તવ્ય આયોજિત થતાં હોય છે.

કલ્પતરૂ ખાતે આ વખતે નિવૃત્ત આઈએૅસ અધિકારી અને જાણીતા સાહિત્યકાર ભાગ્યેશ જહાને આમંત્રિત કરવામાં આવ્યા હતા. એમનો સવિસ્તર પરિચય કંપનીના ડિરેક્ટર કમલ જૈને આપ્યો હતો. એમનું પુષ્પ ગુચ્છથી ડી બી પટેલ અને શાલ ઓઢાડી રાજીવ દલેલા દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ભાગ્યેશ જહાએ મોરલ કંપાસ અને કંપનીની છ વેલ્યુ વિશે અસ્ખલિત અંગ્રેજીમાં રસાળ વક્તવ્ય આપ્યું હતું. ભગવત ગીતાનાં ઉદાહરણો ટાંકીકેવી રીતે પ્રોફેશનલી કાર્ યકરી શકાય એની વાતો મુકી હતી. અમુક હળવા કિસ્સા ટાંકીને જીવનમાં જવાબદારીની સાથે હળવા અને મોજીલા રહેવાની વાતો કરી હતી. સવા કલાકનો સૅશન બાદ પ્રશ્નોત્તારીમાં પણ એમણે સંતોષપૂર્ણ ઉત્તરો આપ્યા હતા.

આ સુંદર વકતવ્યનું આયોજન લર્નિંગ સેન્ટરના મયંક પંડ્યા અને સંજય થોરાતે કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન સુધાંશુએ કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા પ્રવીણકુમાર, સાત્વિક ત્રિવેદીએ સક્રિય યોગદાન આપ્યું હતું.



## એૅસ વી સ્કૂલમાં ઉજવાયો કાર્ટૂન ડે



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર સંચાલિત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રી-સ્કૂલમાં કાર્ટૂન ડે ઉજવવામાં આવ્યો હતો. ટોમ એન્ડ જેરી , ડોરેમોન, છોટા ભીમ, મોટુ-પતલુ, અપ્પુ, મિકી માઉસ, મીની માઉસ વગેરે અનેક પ્રકારનાં કાર્ટૂનના વસ્ત્રો પરિધાન કરી, બાળકોએ શાળાના વાતાવરણને આનંદ અને મસ્તીથી છલકાવી દીધું હતું.બાળકોને પ્રોજેક્ટરની મદદથી ટોમ એન્ડ જેરી ફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી. આ તબક્કે ‘કાર્ટૂન રેસ’ નામની રમત બાળકોને રમાડવામાં આવી હતી, જેને બાળકોએ મન ભરીને માણી હતી.



ખેલ મહાકુંભ અંતર્ગત યોજાયેલી હેન્ડબોલ સ્પર્ધામાં બા શ્રી વસંતકુંવરબા વિદ્યાલયની ટીમે દ્વિતીય ક્રમનું વિજેતાપદ પ્રાપ્ત કર્યું હતું. ભાવિક પટેલ, ભરત પારગી, હર્ષ ચૌધરી, હયન વી પરમાર, અજય એમ બારડ, પુરુષોત્તમ ડાભી, હર્ષ ગોસ્વામી, ચંદ્ર એસ સોલંકી આ વિજેતા ટીમમાં સામેલ હતા, જેમણે જિલ્લાકક્ષાએ વિજય પ્રાપ્ત કર્યો છે અને રાજયકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે.

## ધર્મનો કોયડો

યુદ્ધના કામ કરવાને સારુ અમે કેટલાક એકઠા થઈને સરકારને અમારાં નામો મોકલ્યાં, એ ખબર દક્ષિણ આફ્રિકા પહોંચી કે તુરત મારી ઉપર ત્યાંથી બે તારો આવ્યા. તેમાં એક પોલાકનો હતો. તેમાં પૂછ્યું હતુંઃ ‘આ તમારું કાર્ય તમારા અહિંસાના સિદ્ધાંતથી વિરુદ્ધ નથી?‘

આવા તારની મને કંઈક આશા હતી જ. કેમ કે આ વિષય મેં ‘હિંદ સ્વરાજ‘માં ચર્ચ્યો હતો, અને દક્ષિણ આફ્રિકામાં મિત્રોની સાથે તો એની ચર્ચા નિરંતર થયાં જ કરતી. યુદ્ધની અનીતિ અમે સહુ સ્વીકારતા. મારી ઉપર હુમલો કરનારની ઉપર કામ ચલાવવા હું તૈયાર નહોતો, તો બે રાજ્યો વચ્ચે લડાઈ ચાલતી હોય, તેમાં ગુણદોષની મને ખબર ન હોય, તેમાં મારાથી કેમ ભાગ લઈ શકાય? જોકે બોઅર યુદ્ધમાં મેં ભાગ લીધાનું મિત્રો જાણતા હતા, તોપણ તેમણે માની લીધેલું કે ત્યાર બાદ મારા વિચારોમાં ફેરફાર થયો હશે.

૧૫૦ ગાંધીયાત્રા

હકીકતમાં જે વિચારશ્રેણીને વશ થઈ હું બોઅર યુદ્ધમાં પડ્યો હતો તેનો જ ઉપયોગ પણ આ વેળા કર્યો હતો. યુદ્ધમાં ભાગ લેવો એ અહિંસાની સાથે ગડ બેસે તેવું નથી એ હું બરાબર જોતો હતો. પણ કર્તવ્યનું ભાન થવું એ હમેશાં દીવા જેવું સ્પષ્ટ નથી હોતું. સત્યના પૂજાને ઘણી વેળા ગોથાં ખાવાં પડે છે.

અહિંસા વ્યાપક વસ્તુ છે. હિંસાની હોળી વચ્ચે સપડાયેલા આપણે પામર પ્રાણી છીએ. ‘જીવ જીવની ઉપર જીવે છે,‘ એ ખોટું વાક્ય નથી. મનુષ્ય એક ક્ષણ પણ બાહ્ય હિંસા વિના જીવી નથી શકતો. ખાતાંપીતાં, બેસતાંઊઠતાં, બધી ક્રિયાઓમાં, ઈચ્છાઅનિચ્છાએ કંઈક હિંસા તે કર્યા જ કરે છે. તે હિંસામાંથી નીકળવાનો તેનો મહાપ્રયાસ હોય, તેની ભાવનામાં કેવળ અનુકંપા હોય, તે સૂક્ષ્મમાં સૂક્ષ્મ જંતુનો પણ નાશ ન ઈચ્છે અને યથાશક્તિ તેને બચાવવાનો પ્રયાસ કરે તો તે અહિંસાનો પૂજારી છે. તેની પ્રવૃત્તિમાં નિરંતર સંયમની વૃદ્ધિ હશે. તેનામાં નિરંતર કરુણા વધતી હશે. પણ કોઈ દેહધારી બાહ્ય હિંસાથી સર્વથા મુક્ત નહીં થઈ શકે. વળી અહિંસાના પડમાં જ અદ્વૈતભાવના રહેલી છે. અને જો પ્રાણીમાત્રનો અભેદ હોય તો એકના પાપની અસર બીજાની ઉપર થાય છે, તેથી મનુષ્ય હિંસાથી કેવળ અસ્પૃષ્ટ નથી રહી શકતો. સમાજમાં રહેલો મનુષ્ય સમાજની હિંસામાં અનિચ્છાએ પણ ભાગીદાર બને છે. જ્યારે બે પ્રજાઓ વચ્ચે યુદ્ધ થાય ત્યારે અહિંસાને માનનાર વ્યક્તિનો ધર્મ તે યુદ્ધને અટકાવવાનો છે. તે ધર્મનું જે પાલન ન કરી શકે , જેનામાં વિરોધ કરવાની શકિત ન હોય, જેને વિરોધ કરવાનો અધિકાર પ્રાપ્ત ન થયો હોય, તે યુદ્ધકાર્યમાં ભળે; અને ભળતો છતો તેમાંથી પોતાને અને પોતાના દેશને તેમ જ જગતને ઉગારવાની હાર્દિક કોશિશ કરે.

મારે અંગ્રેજી રાજ્ય મારફતે મારી એટલે મારી પ્રજાની સ્થિતિ સુધારવી હતી. હું ઈંગ્લંડમાં બેઠો ઈંગ્લંડના કાફલાથી સુરક્ષિત હતો. તે બળનો હું આમ ઉપયોગ કરી તેનામાં રહેલી હિંસકતામાં સીધી રીતે ભાગીદાર થતો હતો. તેથી જો મારે તે રાજ્યની સાથે છેવટે વહેવાર રાખવો હોય, તે રાજ્યના વાવટા નીચે રહેવું હોય, તો કાં તો મારે યુદ્ધનો ઉઘાડી રીતે વિરોધ કરી જ્યાં લગી તે રાજ્યની યુદ્ધનીતિ બદલાય નહીં ત્યાં લગી તેનો સત્યાગ્રહના શાસ્ત્ર પ્રમાણે બહિષ્કાર કરવો જોઈએ, અથવા તેના ભંગ કરવા યોગ્ય હોય તેવા કાનૂનોનો સવિનય ભંગ કરી જેલનો રસ્તો શોધવો જોઈએ, અથવા મારે યુદ્ધપ્રવૃત્તિમાં ભાગ લઈ તેની સામે થવાનાં શક્તિ અને અધિકાર મેળવવા જોઈએ. આવી શક્તિ મારામાં નહોતી. એટલે મારી પાસે યુદ્ધમાં ભાગ લેવાનો જ રસ્તો રહ્યો હતો એમ મેં માન્યું. બંદૂકવાન અને તેને મદદ કરનાર વચ્ચે અહિંસાની દષ્ટિએ કંઇ ભેદ નથી જાણ્યો. જે માણસ લૂંટારાની ટોળીમાં તેની આવશ્યકતા ચાકરી કરવા, તેનો ભાર ઊંચકવા, તે લૂંટ કરતો હોય ત્યારે તેની ચોકી કરવા, તે ઘાયલ થાય તો તેની સેવા કરવા રોકાય છે, તે લૂંટને વિષે લૂંટારાના જેટલો જ જવાબદાર છે. એ પ્રમાણે વિચારતાં લશ્કરમાં ઘાયલની સારવાર કરવાના જ કામમાં રોકાઇ જનાર યુદ્ધના દોષોમાંથી મુક્ત નથી રહી શકતો. આ વિચારો મેં પોલાકનો તાર આવતા પહેલાં જ કરી મૂકેલા હતા. તેમનો તાર આવતાં મેં તેની ચર્ચા કેટલાક મિત્રોમાં કરી. યુદ્ધમાં ભાગ લેવામાં મેં ધર્મ માન્યો; ને આજે પણ તેનો વિચાર કરું છું તો મને ઉપરની વિચારશ્રેણીમાં દોષ નથી લાગતો. બ્રિટિશ સામ્રાજ્ય વિષે હું ત્યારે જે વિચારો ધરાવતો હતો તેને અનુસરીને મેં ભાગ લીધો, તેથી તેનો મને પશ્ચાતાપ પણ નથી. હું જાણું છું કે મારા ઉપલા વિચારોની યોગ્યતા હું ત્યારે પણ બધા મિત્રોની પાસે સિદ્ધ નહોતો કરી શક્યો. પ્રશ્ન ઝીણો છે. તેમાં મતભેદને અવકાશ છે. તેથી જ અહિંસાધર્મને માનનારા ને સૂક્ષ્મ રીતે તેનું પાલન કરનારાઓ સમક્ષ બને તેટલી સ્પષ્ટતાથી મેં મારો અભિપ્રાય રજૂ કર્યો છે. સત્યનો આગ્રહી રૂઢિને વળગીને જ કંઈ કાર્ય ન કરે, તે પોતાના વિચારને હઠપૂર્વક ન વળગે, તેમાં દોષ હોવાનો સંભવ હંમેશા માને, અને તે દોષનું જ્ઞાન થાય ત્યારે ગમે તેટલાં જોખમો હોય તે ખેડીને પણ તેનો સ્વીકાર કરે ને પ્રાયશ્ચિત પણ કરે.

**સૌજન્ય : સત્યના પ્રયોગો**

## રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા “સ્ટ્રેસ મેનેજમેન્ટ” કાર્યક્રમ





ગાંધીનગર, તા. ૨૪
રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગર શેઠ શ્રી સી.એમ. વિદ્યાલય, કડી કેમ્પસ, સે. ૨૩ ખાતે સ્ટ્રેસ મેનેજમેન્ટ વર્કશોપ તેમજ કેન્સર અવેરનેસ અંગેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેનો ૧૦૦થી વધારે બાળકોએ લાભ લીધો હતો. આચાર્ય ડૉ. ચેતનતા બુચે સ્વાગત પ્રવચન કર્યું હતું. રોટરી ક્લબ ઓફ કેપિટલ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. અંકુર પરમારે સંસ્થાના કાર્યોથી ઉપસ્થિત બાળકોને માહિતાગર કર્યા હતા.

ક્લબનાં ઈલે. પ્રેસી. ઈલાબેન વોરાએ કેન્સર અવેરનેસ વિશે ખૂબ જ રસપ્રદ માહિતી પૂરી પાડી હતી. સંજીવની લાઈફ લિયોન્ડ કેન્સરની ટીમના યુવા સદસ્યો અજય, તેજસ, શુભ દ્વારા કેન્સર અવેરનેસ માટેની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

સ્ટ્રેસ વિષયકના નિષ્ણાત અરવિંદ રાણા દ્વારા વિદ્યાર્થીઓને સ્ટ્રેસ વિશે વિગતે માહિતી રસપ્રચૂર ભાષામાં આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં રોટરી ક્લબના મંત્રી પાર્થ ઠક્કર, નરેશભાઈ પ્રજાપતિ, સ્કૂલના સુપરવાઈઝર કે. એમ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આભાર દર્શન ક્લબના જોઈન્ટ સેક્રેટરી હસમુખભાઈ મેકવાન દ્વારા અને કાર્યક્રમ સંચાલન પબ્લીક રીલેશન હેડ જયશ્રી ખેતિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## ગજાનન સેવા સમિતિ દ્વારા મોડાસા તાલુકામાં સેવાકાર્યો





શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મોડાસા તાલુકાના છાત્રેશ્વરી તથા વાંટડામાં તેલ, ચોખા, મગ, ચ્હા જેવી ૮ વસ્તુઓની કિટનું વિતરણ ૭૮ જેટલા લાભાર્થીઓને કરવામાં આવ્યું હતું. બપોરે શોભાયડા ખાલસામાં પ્રત્યેક બાળકને ૩ નોટબૂક, પૅન્સિલ, સંચો અને ચપ્પલની જોડ આપવામાં આવી હતી. સૌ બાળકોને નાસ્તો પણ કરાવવામાં આવ્યો હતો. સંસ્થા તરફથી નવનીતભાઈ, મિલિન્દભાઈ આ સેવાકાર્યોમાં જોડાયા હતા.